## ૧૯.૧૫ મીટર ઊંચાઈનાં આઠ એસ્કેલેટર હશે

# દેશનું સૌથી ઊંચું એસ્કેલેટર મુંબઈ મેટ્રો-થ્રીનાં એરપોર્ટ સ્ટેશન પર સ્થપાશે

મુંબઈ તા. ૧૪

મુંબઈમાં ભારતનું સૌથી ઊંચું એસ્કેલેટર સ્થપાશે. કોલાબાથી બાન્દ્રા થઈ સીપ્ઝ સુધી દોડનારી અન્ડરગ્રાઉન્ડ મેટ્રો-થ્રીનાં મુંબઈ એરપોર્ટ ટર્મિનલ ટૂનાં મેટ્રો સ્ટેશન પર આવાં આઠ એસ્કેલટેર સ્થપાશે.

## ચારનાં ઈન્સ્ટોલેશનનું કામ હાલ ચાલુ, અત્યારે દિલ્હીમાં સૌથી ઊંચું ૧૫.૬ મીટરનું એસ્કેલેટર છે

હાલ દિલ્હી મેટ્રોનાં જનકપુરી સ્ટેશન પર આવેલું એસ્કેલેટર ૧૫.૬ મીટર ઊંચાઈ સાથે દેશનું સૌથી ઊંચું એસ્કેલેટર છે. હવે મુંબઈ એરપોર્ટના ટર્મિનલ ટૂનાં મેટ્રો સ્ટેશન પર સ્થપાવા જઈ રહેલાં એસ્કેલેટરની ઊંચાઈ ૧૯.૧૫ મીટર હશે. આઠ એસ્કેલેટરમાંથી ચારનું ઈન્સ્ટોલેશન કામ ચાલુ છે. આ એસ્કેલેટરના કામ માટે ૨૫૦ ટનની ક્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશને જણાવ્યું હતું. મુંબઈના વ્યસ્ત વિસ્તારમાં બાંધકામનું કામ ચાલી રહ્યું છે ત્યારે તેના ઘણા પડકારો પણ સામે આવે છે. જેમકે આ એસ્કેલેટર્સનું પરિવહન માત્ર રાતના સમયે જ થઈ શકે જ્યારે રસ્તા પર ઓછા વાહનો હોય. કારણ કે આ સાધનો કદમાં અસામાન્ય રીતે મોટા અને ભારે હોય છે. બીજો પડકાર સીમિત ઓપનિંગ અથવા કટ આઉટ સ્પેસનો ઉપયોગ કરીને ભૂગર્ભ સ્ટેશનોમાં એસ્કેલેટર્સને ભૂગર્ભમાં ઉતારવાનો છે. યોગ્ય ક્રેનની પસંદગી, આયોજનનો ક્રમ અને સિવિલ વર્ક સાથે એન્જિનિયરિંગ સંકલન એ અન્ય પડકારો છે. તેવું એમએમઆરસીના અધિકારીએ ઉમેર્યું હતું.

મેટ્રો-થ્રીનાં દરેક અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન પર સરેરાશ ૧૫ એસ્કેલેટર ઉપલબ્ધ હશે.